Sunday
30.04.2023
વિશ્વાસથી વિકાસ યાત્રા
✳Volume :7 ✳ Issue No.271
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્ Daily

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

ભુજ એરપોર્ટ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું

કમલમ્ ન્યુઝ, ભુજ

કચ્છ ખાતે વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવા પધારેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું ભુજ એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. કચ્છી શાલ અને પુષ્પગુચ્છ આપી સૌએ કચ્છની ધરતી પર મુખ્યમંત્રીશ્રીને આવકાર્યા હતા. આ પ્રસંગે પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, જિલ્લા પંચાયત તના પ્રમુખશ્રી પારૂલબેન કારા, ધારાસભ્ય સર્વશ્રી કેશુભાઈ પટેલ, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી અનિરુદ્ધભાઈ દવે, સંગઠનના આગેવાન શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી રજનીભાઈ પટેલ, શ્રી હિતેશભાઈ ચૌધરી, શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી વલમજીભાઈ હુંબલ, જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરા, રેન્જ આઈજીશ્રી જે.આર.મોથલિયા, નિવાસી અધિક કલેકટરશ્રી મિતેશ પંડ્યા, ડીઆરડીએના નિયામકશ્રી જી.કે. રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાાન કેન્દ્રો પ્રાકૃતિક કૃષિના રાજ્યકક્ષાના મોડેલ તાલીમ કેન્દ્ર બનશે : શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો પ્રાકૃતિક કૃષિના રાજ્યકક્ષાના મોડેલ તાલીમ કેન્દ્ર બનશે. દેથલી (ખેડા), અંબેટી (વલસાડ) અને રાંધેજા (ગાંધીનગર) કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના ૨૫ જેટલા કૃષિ વૈજ્ઞાનિકો ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ-તા. ૧ લી મેથી પ્રાકૃતિક કૃષિ તાલીમ મહાઅભિયાનમાં જોડાશે. આજે રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધતાં તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ શુદ્ધ વિજ્ઞાન છે. પૂર્ણ સમર્પણ, સખત પરિશ્રમ અને પ્રમાણિકતાપૂર્વક પ્રાકૃતિક ખેતીના જનઆંદોલનમાં ખેડૂતોને જોડવાના છે. સાચા દેશ સેવક, ખેડૂત સેવક બનીને નવી ક્રાંતિ કરવાની છે. ૧૮૦ દિવસ પહેલાં ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તા. ૨૦ મી ઓક્ટોબરે રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં કૃષિ વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક કૃષિના પ્રશિક્ષક બનવા આહ્વાન કર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત ત્રણ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના ૨૫ જેટલા કૃષિ વૈજ્ઞાનિકો હરિયાણા-કુરુક્ષેત્રમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રશિક્ષક બનવા તાલીમ લઈને આવ્યા છે અને હવે ખેડૂતોને તાલીમ આપવા સજ્જ છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધતાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને સૂચન પ્રમાણે ત્રણ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ગુજરાતના મોડેલ તાલીમ કેન્દ્રો બનવા જઈ રહ્યા છે તેનો મને આનંદ અને આત્મસંતોષ છે. ખેતીવાડીમાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરો પરંતુ રાસાયણિક ખેતી કરગીઝ નહીં. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ ધાર્મિકતાની વાત નથી. તેમણે કૃષિ વૈજ્ઞાનિકોને પૂર્વગ્રહો છોડીને પૂર્ણ વિશ્વાસથી પ્રાકૃતિક કૃષિમાં નવા સંશોધનો કરવા આહ્વાન કર્યું હતું.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સૂક્ષ્મ જીવાણું, અળસીયા, મિત્ર કીટક, અવશેષ, વાપ્સા અને પ્રાકૃતિક વાતાવરણ પર આધારિત પ્રાકૃતિક ખેતી ભૂમિનું આર્ગેનિક કાર્બન વધારવાની ખેતી છે. રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી ધરતીની ફળદ્રુપતા ઘટી ગઈ છે. ગૌમૂત્ર અને ગોબરના ઉપયોગથી ધરતી પ્રાકૃતિક ખેતી જ ભૂમિની ફળદ્રુપતા અને આર્ગેનિક કાર્બન વધારવા સમર્થ છે. આ વાત ખેડૂતોને સમજાવીને પ્રાકૃતિક ખેતીના જન આંદોલનમાં સૌને જોડવાના છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીના ગરીબ અને સામાન્ય માનવીના ઉત્કર્ષના વિચારો, ગામડાનો વિકાસ અને ખેડૂતોનું કલ્યાણ કરવાના વિચારો આ રીતે મૂર્તિમંત થશે. તા. ૧ લી મે-ગુજરાત રાજ્યના સ્થાપના દિવસથી રાજ્યભરમાં શરૂ થનારા પ્રાકૃતિક કૃષિ ખેડૂત તાલીમ મહાઅભિયાનના કલસ્ટર આધારિત તાલીમ કાર્યક્રમની માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે, ગુજરાતને ઝેરમુક્ત કરવાના પ્રાકૃતિક કૃષિ અભિયાનમાં ઈમાનદારીપૂર્વક જોડાઈને લોકોને નવજીવન આપવાનું કામ સૌ સાથે મળીને કરીએ. આરંભે ગુજરાત વિદ્યાપીઠના કાર્યકારી કુલનાયક શ્રી ડો. ભરતભાઈ જોશીએ સ્વાગત ઉદબોધનમાં કહ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કૃષિ વૈજ્ઞાનિકો ભાગ્યશાળી છે, કે તેમને પ્રગતિશીલ વ્યક્તિત્વ ધરાવતા શ્રી આચાર્ય દેવવ્રતજીનું ઉમદા માર્ગદર્શન મળી રહ્યું છે. જે પ્રગતિનો યશસ્વી પથ ખોલી રહ્યું છે. અંતમાં કાર્યકારી કુલસચિવ શ્રી ડો. નિખિલભાઈ ભટ્ટે શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતીના સત્ય ના પ્રયોગો માટે આભાર માનતાં કહ્યું હતું કે, કુલપતિ તરીકે તેઓ ગાંધીવિચાર અને મૂલ્યોને સાકાર કરતાં કરતાં રાષ્ટ્રપોષક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. દેથલી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિયામક શ્રી ડો. પી. કે. શર્મા, રાંધેજાના શ્રી ડો. વી. કે. ગર્ગ અને અંબેટીના ડાયરેક્ટર શ્રી ડો. રાજેન્દ્ર ઠાકુરે તેમણે મેળવેલી તાલીમના અનુભવો વર્ણવીને સૌને માર્ગદર્શન આપ્યું હતું.

'મન કી બાત' ભારતને ભારત સાથે જોડે છે

કમલમ્ ન્યુઝ,

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન (IIMC) દ્વારા હાથ ધરવામાં આવેલા એક વિશેષ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૭૬% ભારતીય મીડિયા વ્યક્તિઓ માને છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' એ દેશવાસીઓને વાસ્તવિક ભારતનો પરિચય કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પ્રોગ્રામે એક ટ્રેન્ડ શરૂ કર્યો છે જ્યાં લોકો હવે દેશના અન્ય ભાગોમાં વસ્તુઓ વિશે વધુ જાગૃત છે અને તેઓએ તેમની પ્રશંસા કરવાનું શરૂ કર્યું છે. ૭૫% ઉત્તરદાતાઓ માને છે કે 'મન કી બાત' એક પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે, જે ભારતના દૂરના વિસ્તારોમાં રહેતા લોકોના જીવનમાં નોંધપાત્ર તફાવત લાવવા માટે નિઃસ્વાર્થપણે કામ કરતા ગ્રાસ રૂટ ઈનોવેટર્સને રજૂ કરે છે. આઈઆઈએમસીના મહાનિર્દેશક પ્રો. સંજય દ્વિવેદીના જણાવ્યા અનુસાર, આ અભ્યાસ સંસ્થાના આઉટરીચ વિભાગ દ્વારા ૧૨ થી ૨૫ એપ્રિલ, ૨૦૨૩ દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો. મીડિયા સાથે સંકળાયેલી કુલ ૮૯૦ વ્યક્તિઓ - મીડિયા વ્યક્તિઓ, મીડિયા ફેકલ્ટી, મીડિયા સંશોધકો અને મીડિયા વિદ્યાર્થીઓ. - દેશભર ના ૧૧૬ મીડિયા ગૃહો, શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓએ અભ્યાસમાં ભાગ લીધો હતો. જેમાં ૩૨૬ મહિલાઓ અને ૫૬૪ પુરૂષો હતા.

૬૬% ઉત્તરદાતાઓ ૧૮ થી ૨૫ વર્ષની વય જૂથના હતા. ઉત્તરદાતાઓના મતે, 'દેશ વિશે જ્ઞાન' અને 'દેશ વિશે પીએમનું વિઝન' એ બે મહત્ત્વના કારણો છે જે તેમને કાર્યક્રમ સાંભળવા માટે પ્રેરિત કરે છે. જ્યારે ઉત્તરદાતાઓને પૂછવામાં આવ્યું કે જો તેઓ કોઈ એપિસોડ ચૂકી જાય તો તેઓ પ્રોગ્રામ કેવી રીતે સાંભળે છે, તો ૬૩% લોકોએ કહ્યું કે તેઓ અન્ય માધ્યમો કરતાં You Tube પસંદ કરે છે. ૭૬% ઉત્તરદાતાઓને લાગે છે કે તેઓ 'મન કી બાત'માં વિવિધ મુદ્દાઓ પર પીએમ મોદીને સાંભળીને લોકશાહી પ્રક્રિયામાં સહભાગી છે. પ્રો. દ્વિવેદીએ ધ્યાન દોર્યું હતું કે આ અભ્યાસમાં એ સમજવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો કે પ્રધાનમંત્રી દ્વારા 'મન કી બાત'માં કયા મુદ્દાની ચર્ચા કરવામાં આવી હતી તેનાથી લોકો સૌથી વધુ પ્રભાવિત થયા હતા. જવાબમાં, ૪૦% ઉત્તરદાતાઓએ 'શિક્ષણ' નો ઉલ્લેખ કર્યો, જ્યારે ૨૬% લોકોએ કહ્યું કે 'ગ્રાસ રૂટ ઈનોવેટર્સ વિશેની માહિતી' સૌથી પ્રભાવશાળી વિષય છે. આ અભ્યાસમાં એ સમજવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો કે લોકો 'મન કી બાત'માં ચર્ચા કરાયેલા વિષયો વિશેની માહિતી કોની સાથે શેર કરે છે. ૩૨% ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેઓ તેમના પરિવારના સભ્યો સાથે કાર્યક્રમમાં ચર્ચા કરવામાં આવેલા મુદ્દાઓ પર તેમના વિચારો શેર કરે છે, જ્યારે ૨૯% લોકોએ જણાવ્યું હતું કે તેઓ તેમના મિત્રો અને સહકર્મીઓ સાથે વિષયો પર ચર્ચા કરે છે. અભ્યાસમાં એક અન્ય રસપ્રદ તથ્ય સામે આવ્યું છે કે ૧૨% લોકો 'મન કી બાત' સાંભળવા માટે રેડિયો, ૧૫% ટેલિવિઝન અને ૩૭% ઈન્ટરનેટ આધારિત પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે.

જનતાની સુરક્ષામાં ફરજનિષ્ઠ રહેતા પોલીસકર્મીઓ અને તેમના પરિવારજનોનું ધ્યાન રાખવા સરકાર કટિબદ્ધ : ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

નવસારી જિલ્લાના ચિખલી તથા ખેરગામ પોલીસ લાઈન ખાતે કુલ રૂ.૧૨.૪૮ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૫ પોલીસ આવાસોનું લોકાર્પણ કરતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ નવસારી પોલીસતંત્ર દ્વારા ઈ- FIR હેઠળ કરેલ કામગીરીને બિરદાવી.

કમલમ્ ન્યુઝ, નવસારી

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા કુલ રૂ.૧૨.૪૮ કરોડના ખર્ચે નવસારી જિલ્લાના ચીખલી (થાલા) પોલીસ લાઈન ખાતે કક્ષા-બી નાં ૩૨ તથા ખેરગામ પોલીસ લાઈન ખાતે કક્ષા બી નાં ૩૨ અને કક્ષા સી નાં ૦૧ નવનિર્મિત પોલીસ આવાસોનું ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે નવસારીના સાંસદશ્રી સી. આર. પાટીલ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસ હાઉસિંગ દ્વારા પોલીસ જવાનોના જીવનમાં નવી ઉર્જા આવે તેવા આશયથી આધુનિક સુવિધાયુક્ત આવાસોનું નિર્માણ કર્યું છે.

પોલીસ વિભાગની દોડધામભરી કામગીરી બાદ ઘરે આવીને અહીં શાંતિનો અહેસાસ થશે. પોલીસ ક્વાર્ટર્સમાં સ્વચ્છતા અને સુમેળભર્યા માહોલમાં રહી પોલીસકર્મીઓમાં પરસ્પર પરિવાર ભાવના વધશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ શુભ અવસરે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ પોલીસના પરિવારોને પોલીસ ક્વાર્ટરને પોતાનું પોતીકું ઘર સમજીને ગૃહ પ્રવેશ કરવાની અપીલ કરી હતી. સાથે, પોલીસ તંત્ર દ્વારા જિલ્લામાં ઈ- FIR હેઠળ શ્રેષ્ઠ કામગીરીની પ્રસંશા કરી હતી.

પોલીસ જવાનોને સુવિધાયુક્ત રહેણાંક મળી રહે તે માટે આવાસોમાં વુડન કબાટ તથા મોડયુલર કિચન સવલત સાથે લિફ્ટ, જનરેટર, પાર્કિંગ શેડ, ગેસ કનેકશનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ અવસરે નવસારીના સાંસદશ્રી સી. આર. પાટીલ, વલસાડના સાંસદશ્રી ડો. કે. સી.પટેલ, નવસારી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહિર, જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ, રેન્જ આઈ.જી. શ્રી પિયુષ પટેલ, નવસારી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતા, નવસારી પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય, ધારાસભ્યો સર્વશ્રી નરેશભાઈ પટેલ, રાકેશભાઈ દેસાઈ, નવસારી જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓ, પોલીસકર્મીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશના અધ્યક્ષસ્થાને 'જીઈન્છનું તૃતીય વાર્ષિક સંમેલન' તથા એક્ઝિબિશન યોજાયું

ઉદ્યોગક્ષેત્રમાં યુવા પેઢીએ પદાર્પણ કરતા ઉદ્યોગો ઝડપભેર વિકાસ પામી રહ્યા છે: કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય રેલ્વે અને ટેક્સ્ટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ અધ્યક્ષસ્થાને સિમાડા નાકા, કેનાલ રોડ સ્થિત વિતરાંગ ફાર્મ ખાતે 'SETJA(Secure Embroidery Thread & Jari Association) નું તૃતીય વાર્ષિક સંમેલન' તથા એક્ઝિબિશન યોજાયું હતું. એક્ઝિબિશનમાં ૪૦ જેટલા મશીનરીના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રેલવે અને ટેક્સ્ટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ જણાવ્યું કે, સુરત શહેર ડાયમંડ અને ટેક્સ્ટાઈલ નગરી તરીકે ઓળખાય છે એવી જ રીતે પહેલા સુરત જરી ઉદ્યોગથી ઓળખાતું હતું. સુરતમાં કાપડ ઉદ્યોગ વિશાળ સ્વરૂપમાં વિસ્તરણ પામ્યો છે, ઉદ્યોગકારો સાથે મળી કાર્ય કરી રહ્યા છે જેનાથી કાપડ ક્ષેત્રે આપણું સુરત શહેર અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરવા સક્ષમ બન્યું છે. આજથી વર્ષો પહેલા જરી ઉદ્યોગની શરૂઆત થઈ ત્યારે મશીનરી અને ટેકનોલોજી વિકાસ પામી ન હતી છતાં ઉત્પાદન મળતું હતું. આજે અદ્યતન ટેકનોલોજીની સાથે આધુનિક એમ્બ્રોડરી મશીનરી છે, ત્યારે ઉત્પાદન વધારી જરી ઉદ્યોગને આગળ વધારવાનો અનુરોધ કર્યો હતો. વધુમાં મંત્રીશ્રી જણાવ્યું કે,ઉદ્યોગક્ષેત્રમાં યુવાપેઢી પદાર્પણ કરતા ઉદ્યોગો ઝડપથી વિકાસ પામી રહ્યા છે. આજની યુવાપેઢી દરેક વસ્તુમાં રિસર્ચ કર્યા બાદ આગળ પગલું ભરી રહી છે. એમ્બ્રોડરી ક્ષેત્ર અનેક બદલાવો સાથે આગળ વધી રહ્યું છે. એમ્બ્રોડરી મશીનો દ્વારા જરીનું ઉત્પાદન પણ વધી રહ્યું છે, ઘરે બેસીહેન્ડલુમનું કામકરતાં લોકો પણ જરીનો ઉપયોગ કરી રહ્યા છે. સરકારની અનેક યોજના દ્વારા ઉદ્યોગ આગળ વધારવાની સોનેરી તકો મળી રહી છે ત્યારે આત્મનિર્ભર ભારત તરફ આગળ વધવાની હિમાયત તેમણે કરી હતી.

તંત્રી સ્થાનેથી......

દસક્રોઈ તાલુકાના ઝાણું ગામમાં શ્રી રામ પ્રાકૃતિક ફાર્મ ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવેએ ખેડૂતો સાથે સંવાદ સાધીને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સાથે આવેલા અધિકારીઓ અને તજ્જ્ઞઓએ જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ (ચેરમેનશ્રી) શ્રી રામફાર્મ ખાતે ખેડૂતોને 'પ્રકૃતિ તરફ પાછા ફરો, પ્રાકૃતિક ખેત દ્વારા જમીન અને જળ બચાવો' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. આ એક દિવસીય તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ પાછા વળે અને પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે પ્રોત્સાહન પૂરું પાડવાનું છે. આ તાલીમ કાર્યક્રમમાં આત્મા પ્રોજેકટના અધિકારી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતી કરવા જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ . તાલીમ કાર્યક્રમમાં શ્રી કે કે પટેલ (પ્રોજેક્ટ ડાયરેક્ટશ્રી) અમદાવાદ અને શ્રી અશોકભાઈ રામભાઈ પટેલ (FMT) ઉપરાંત ફાર્મર્સ ફ્રેન્ડ અને આત્મા સ્ટાફ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તેમજ ગાય આધારિત ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમથી ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવી પ્રેરણા પૂરી પાડવામાં આવી. આત્માના અધિકારીશ્રી એસ.ડી.ડોડિયા દ્વારા આભાર વિધિથી કાર્યક્રમની પૂર્ણાહુતી કરી. તાલીમના અંતે ૧૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે તૈયારી બતાવી હતી.

કમલમ્ ન્યુઝ,

ધોરાજી ની અંદર ખાતમુરતનો કાર્યક્રમ ભારતની જનતા પાર્ટીના ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ પાડલીયા ધોરાજી જિલ્લા પ્રમુખ જિલ્લા સંગઠન મંત્રી ધોરાજીના તમામ કાર્યકર્તા તથા કાઉન્સ દ્વારા ધોરાજી ની અંદર સીસી રોડનું ખાતમુરત દરમિયાન વિકાસની ગાથા ને આગળ વધારતા ધારાસભ્ય શ્રી ધોરાજી તમામ કામો માટે ચિંતા વ્યક્ત કરેલ છે

કમલમ્ ન્યુઝ,

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે માન.પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબના અધ્યક્ષ સ્થાને બનાસકાંઠા જીલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજવામાં આવી. ન્યુ ગુજરાત પેટર્ન યોજના ૨૦૨૩- ૨૪ આયોજન અને અન્ય યોજનાઓ અંગે દિશા નિર્દેશ અને સૂચનોની ચર્ચા કરવામાં આવી. આ બેઠકમાં સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્ય સર્વેશ્રી અનિકેત ઠાકર, કાંતિભાઈ ખરાડી સહીત કલેક્ટરશ્રી, પોલીસ અધિક્ષકશ્રી, પ્રાયોજના અધિકારીશ્રી અને અધિક કલેક્ટરશ્રી તથા જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા.

વ્યારા તાલુકાના ભાનવાડી ગ્રામપંચાયત ખાતે જનસુરક્ષા યોજના અંતર્ગત જાગૃતતા કેમ્પનું આયોજન બેંક ઓફ બરોડા લીડ બેંક દ્વારા કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,

વ્યારા તાલુકાના ભાનવાડી ગ્રામપંચાયત ખાતે જનસુરક્ષા યોજના અંતર્ગત જાગૃતતા કેમ્પનું આયોજન બેંક ઓફ બરોડા લીડ બેંક દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં લીડ બેંક મેનેજર શ્રી રસિક જેઠવા દ્વારા પ્ધાન મંત્રી જીવન જ્યોતિ સુરક્ષા વીમા યોજના અને પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજનાની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ સાથે તાપી જિલ્લાના આરસેટી બ્રાન્ચના ડાયરેક્ટરશ્રી ઓમેશ ગર્ગ દ્વારા ઈન્દુગામ ખાતે કાર્યરત આરસેટી ખાતે વિવિધ તાલીમોની જાણકારી આપવામાં આવી હતી. ગ્રામસેવકશ્રી શ્વેતાબેન દ્વારા તથા આત્માના કો-ઓર્ડીનેટર તથા સુરેશભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે પણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પ માં લીડ બેંક મેનેજર, પ્રિતેશ પાઠક ,FLCC ના અનિલભાઈ તથા સરપંચશ્રી સંગીતાબેન ગામીત ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. કેમ્પમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક PMJJBY, PMJSBY યોજનામાં વીમા કરાવવા ભાગ લીધો હતો.

જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમારે ગોધરા તાલુકાના કાલીયાવાવ ગામની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ, રાવબીજેન્દ્ર યાદવ પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમાર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.બારિયાએ ગોધરા તાલુકાના કાલીયાવાવ ગામની ઓચિંતી મુલાકાત લીધી હતી.તેમણે આ ગામની મુલાકાતની સાથે ગ્રામ પંચાયત,આંગણવાડી,પ્રાથમિક શાળાની વિઝિટ કરીને વિવિધ રેકર્ડ અને રજીસ્ટર ચેક કર્યા હતા.સરકારશ્રી તરફથી લાભાર્થી બાળકો,સગર્ભા/ધાત્રી માતાઓ તથા કિશોરીઓને આપવામાં આવતા પેકેટ અને નાસ્તો સમયસર પહોંચે છે કે નહિ તેની તપાસ પણ કરી હતી. મહેસૂલી બાબતોની સાથે તલાટી,સરપંચશ્રી અને ગ્રામજનો સાથે વિવિધ પ્રશ્નો બાબતે ચર્ચા કરી તમામ પ્રશ્નોનું તાકીદે નિવારણ લાવવા સબંધીતોને સૂચનો કર્યા હતા.

પાલનપુર કલેકટર કચેરી ખાતે પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઇ

દાંતા અને અમીરગઢ ટ્રાયબલ તાલુકાઓ માટે રૂ. ૭.૦૫ કરોડના ૧૭૮ વિકાસકામો મંજુર કરાયાઃ છૂટાછવાયા વિસ્તારો માટે રૂ.૧.૦૦ કરોડના ૫૮ કામોને મંજુરી અપાઇ

કમલમ્ ન્યુઝ, આનંદ ઠક્કર

પાલનપુર કલેકટર કચેરી ખાતે ઉદ્યોગ, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને જિલ?લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત ૯૬ ટકા રકમ દાંતાઅને અમીરગઢ ટ્રાયબલ તાલુકાઓ માટે રૂ. ૭.૦૫ કરોડના કુલ-૧૭૮ કામો તેમજ આદિજાતિ તાલુકા સિવાયના છૂટાછવાયા આદિજાતિ વિસ્તાર માટે ૪ ટકા ગ્રાન્ટ પ્રમાણે રૂ. ૧.૦૦ કરોડના ૫૮ વિકાસ કામોના આયોજનને વર્ષ-૨૦૨૩-૨૪ માટે મંજુર કરવામાં આવ્યુ હતુ. આ યોજના હેઠળ પાક કૃષિ વ્યવસ્થા, બાગાયત પાક વ્યવસ્થા, પશુપાલન, ડેરી વિકાસ, સહકાર, મત્સ્ય ઉદ્યોગ, વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન, ગ્રામિણ વિકાસ માટેના ખાસ કાર્યક્રમો, નાની સિંચાઈ, સિંચાઇ વિસ્તાર વિકાસ, વીજળી, ગ્રામ અને લઘુ ઉદ્યોગ, રસ્તા અને પુલ, નાગરિક પુરવઠો, શિક્ષણ, પાણી પુરવઠો, શ્રમ અને રોજગાર તથા પોષણને લગતા કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બેઠકમાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું કે, આદિજાતિના લોકોના જીવન ધોરણમાં પરિવર્તન આવે અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજય સરકારશ્રી સક્રિયપણે સંકલ્પબધ્ધ છે. ટ્રાયબલ વિસ્તારમાં મંજુર કરાયેલા કામો સયમમર્યાદામાં પૂર્ણ કરી બનાસકાંઠા જિલ્લાના વિકાસને વેગ આપીએ. તેમણે કહ્યું કે શિક્ષણ, રોડ, પાણીને લગતા કામોને અગ્રતા આપી આદિજાતિ વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રકારના કામોને પ્રાધાન્ય આપીએ. આ બેઠકમાં સંસદ સભ્યશ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યો સર્વશ્રી અનિકેતભાઈ પંડ્યા અને શ્રી કાંતિભાઈ ખરાડી, કલેક્ટરશ્રી વરૂણ બરનાવાલ, પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, પ્રાયોજના વહીવટદારશ્રી આર.આઇ.શેખ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડના નનકવાડા ખાતે ૧૦૦ વોટના FM 100.1 MHzનું વડાપ્રધાનશ્રીએ વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યુ

દેશમાં એફએમ કનેક્ટિવિટી વધારવા માટે ૯૧ નવા 100.1 MHz FM ટ્રાન્સમિટર્સનો પ્રારંભ કરાયો

કમલમ્ ન્યુઝ, વલસાડ.

"બહુજન હિતાય બહુજન સુખાય" ના મંત્રને ખરા અર્થમાં સાકાર કરવા અને દેશમાં રેડિયો કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શુક્રવારે સમગ્ર દેશમાં 91 FM ટ્રાન્સમિટર્સનું વર્ચ્યુઅલ માધ્યમથી ઉદઘાટન કર્યુ હતું. જેના ભાગરૂપે વલસાડના નનકવાડા સ્થિત આકાશવાણીના ૧૦૦ વોટના હ્રસ 100.1 MHz ટ્રાન્સમિટર્સ સેવાનો પ્રારંભ થતા હવે વલસાડ જિલ્લાના ૨૫ કિ.મી. સુધીના એરિયામાં રેડિયો સ્પષ્ટપણે સાંભળી શકાશે. આ પ્રસંગે સાંસદ સભ્ય ડો. કે.સી.પટેલે જણાવ્યું કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ દેશના ૯૧ સ્થળે એફએમનું લોકાર્પણ કર્યુ છે. જેના થકી કનેકટીવીટીમાં વધારો થશે આજના સોશિયલ મીડિયા અને ટેલિવિઝનના જમાનામાં પણ લોકો રેડિયો સાંભળવા ઉત્સુક રહે છે કારણ કે, રેડિયો પરથી પ્રસારિત થતી માહિતી વિશ્વનીય હોય છે. રેડિયોના માધ્યમથી લોકને નીત નવા કાર્યક્રમો અને સરકારની વિવિધ યોજનાઓની પણ માહિતી મળી રહે છે. આ પ્રસંગે માહિતી આપતા આકાશવાણી એફએમ કેન્દ્રના વલસાડ અને દમણના કાર્યક્રમ અધિકારી હરેશભાઈ પટેલ અને આસિસ્ટન્ટ એન્જિનિયર બાપુરાવ જપેએ જણાવ્યું હતું કે, આ આકાશવાણી કેન્દ્રની શરૂઆત થવાથી રેડિયો સ્થાનિક લોકોમાં પ્રચલિત થશે અને વલસાડના લોકોને એફએમ રેડિયો સાંભળવાની સુવિધા પર્યાપ્ત થશે. આ કેન્દ્રની એફએમ ફ્રિકવન્સી 100.1 MHz છે. જિલ્લાના ૨૫ કિ.મીના એરિયામાં સ્પષ્ટપણે સાંભળી શકાશે. આ પ્રસંગે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે હ્રસ ટ્રાન્સમિટર્સનું ઉદઘાટન કરાયું છે. જેના થકી દેશ વિદેશની માહિતી આપણે ઘરબેઠા સાંભળી શકીશુ, વર્ષોથી ચાલતી એફએમ સુવિધામાં વધારો કરાયો છે. જેના થકી છેવાડાના અંતરિયાળ વિસ્તારના લોકોને પણ તમામ માહિતી ઘરબેઠા મળી રહેશે. નાનામાં નાનો માણસ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની તમામ ગતિવિધિથી માહિતગાર રહી શકશે. આકાશવાણી ઉપરથી પ્રસારિત થતા વડાપ્રધાનશ્રીના મનકી બાત કાર્યક્રમ સમગ્ર દેશમાં જન જન સુધી પહોંચવાથી લોકપ્રિય થઈ રહ્યો છે. જેનો આગામી રવિવારે તા. ૩૦ એપ્રિલના રોજ ૧૦૦ મો એપિસોડ પ્રસારિત થવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, તાલુકા સંગઠન પ્રમુખ કિશોર પટેલ, દમણ અને વલસાડના આકાશવાણીના અધિકારીઓ તેમજ સંગઠનના હોદેદારો અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

૧૬ ફૂટબોલ ટીમના કેપ્ટનને આવકારતા મંત્રીશ્રી હર્ષ સંઘવી

ઇન્ડિયન વુમન્સ લીગની ટ્રોફીનું રમતગમત અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અનાવરણ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદમાં એલિસબ્રિજ જીમખાના ખાતે રમતગમત અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે ઇન્ડિયન વુમન્સ લીગની ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે વિવિધ રાજ્યમાંથી આવેલ ૧૬ જેટલી ફૂટબોલ ટીમને આવકારતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપ સૌનું ગુજરાત સરકાર સ્વાગત કરે છે અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનને જે પણ કંઈ જરૂરિયાત ઉદ્ભવશે તો તેની પૂર્તિ કરવા ગુજરાત રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આપ સૌ રમતમાં ઉમદા પ્રદર્શન કરો અને આપ ગુજરાતમાં જે પણ કંઈ સમય વિતાવશો તે આપના માટે યાદગાર બની રહે તેવી શુભેચ્છા પાઠવું છું. આ કાર્યક્રમમાં પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ વિજેતા સુશ્રી બેનબેન દેવી ઉર્ફ શ્રી દુર્ગા ઓફ ફૂટબોલ દેવી, ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસીએશનના સેક્રેટરી શ્રી મૂળરાજ ચુડાસમા, એલિસબ્રિજ જીમખાનાના સેક્રેટરી તેમજ ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ શ્રી શપથ શાહ અને વિવિધ રાજ્યમાંથી આવેલ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ વિભાગ અંતર્ગત દ્વારકા ખાતે યોજાયેલ લેંગ્વેજ વર્કશોપ

કમલમ્ ન્યુઝ,

વર્ષ ૨૦૨૩માં ભારત સરકારશ્રીનાં એક ભારત શ્રેષ્ઠ ભારત કાર્યક્રમનો ઉદ્દેશ્ય બે રાજ્યોનાં લોકો વચ્ચે ભાષા શિક્ષણ, સંસ્કૃતિ, પરંપરાઓ અને સંગીત, પર્યટન અને ભોજન, રમતગમત અને શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી વગેરે ક્ષેત્રોમાં સતત અને માળખાગત સાંસ્કૃતિક જોડાણને પ્રોત્સાહન આપવાનો છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્રના લોકો અને વર્ષો અગાઉ વિદેશી આક્રમણને લીધે સૌરાષ્ટ્રમાંથી સ્થળાંતર કરીને તમિલનાડુમાં સ્થાયી થયેલા સૌરાષ્ટ્રના લોકોને તેમના મૂળ સંસ્કૃતિ સાથે ફરીથી જોડવાના ભાગરુપે ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૭/૦૪/૨૦૨૩ થી તા. ૩૦/૦૪/૨૦૨૩ રાજ્ય કક્ષાના કાર્યક્રમ યોજાયેલ હતો. ઉકત કાર્યક્રમમાં ગુજરાત રાજ્યનાં શિક્ષણ વિભાગનાં માર્ગદર્શન હેઠળ તા. ૧૯/૦૪/૨૦૨૩ થી ૨૮/૦૪/૨૦૨૩ દરમ્યાન કૃષ્ણભૂમિદેવભૂમિ દ્વારકા ખાતે શિક્ષણ વિભાગ હેઠળના સ્કોપ કચેરી (સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ થ્રુ પ્રોફિશિયન્સી ઈન ઈંગલિશ) અને ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ દ્વારા સંયુકત રીતે લેંગ્વેજ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લેંગ્વેજ વર્કશોપનું આયોજન માનનીય શિક્ષણ મંત્રી- શ્રી ઋષિકેશ ભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ અને ટેકનીકલના માનનીય અગ્ર સચિવશ્રી મુકેશ કુમાર , ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી પી.બી. પંડ્યા, અને શિક્ષણ વિભાગ હેઠળ સ્કોપ કચેરી (સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ થ્રુ પ્રોફિશિયન્સી ઈન ઈંગલિશ) અને ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ દ્વારા સંયુકત રીતે આયોજન કરવામાં આવેલ હતું. સ્કોપ કચેરી અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ અમદાવાદ તમિલ સંગમના સહયોગથી એક પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે જેમાં તમિલ અને ગુજરાતી બન્ને ભાષાઓમાં મૂળભૂત નિયમિત શબ્દો અને વાક્યોનો સમાવેશ થાય છે. શ્રી માનસી સારસ્વત, જોઈન્ટ સીઈઓ, સ્કોપ- સૌરાષ્ટ્ર તમિલ સંગમના જણાવ્યા અનુસાર, ગુજરાતના તમિલનાડુ અને સૌરાષ્ટ્ર પ્રદેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને ભાષાકીય વિવિધતાની ઉજવણી છે. તે બન્ને સંસ્કૃતિઓનું મિશ્રણ છે જે આપણા દેશની એકતાને દર્શાવે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ સૌરાષ્ટ્રીયન તમિલ લોકો ગુજરાતી ભાષાથી પરિચિત થાય તેજ રીતે સૌરાષ્ટ્રના લોકો તમિલ ભાષાથી પરિચિત કરવાનો હતો આ માટે સ્કોપ અને ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા એક એક પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે જેમાં તમિલ અને ગુજરાતી બન્ને ભાષાઓમાં મૂળભૂત શબ્દો અને વાક્યોનો સમાવેલ હતા. દરરોજ સ્કોપ દ્વારા ગુજરાતી અને તમિલ ભાષાના વ્યવહારમાં વપરાતા વાક્યો વિશે ઈ- ક્વિઝનું આયોજન કરવામાં આવતું અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરના વિજેતાઓને પ્રમાણપત્ર તથા તમામ ભાગ લેનારને ઈ- પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદ-તામિલ એસોશીએશનના ૧૫ થી વધુ તજજ્ઞ તામિલ શિક્ષકો જે ગુજરાતી અને તમિલ એમ બંને ભાષામાં ભણાવેલ હતા. તા. ૧૯ થી ૨૮ એપ્રિલ ૨૦૨૩ દરમ્યાન અંદાજીત કુલ ૫૦૦૦ કરતા વધુ તમિલ અને ગુજરાતી લોકોએ આ કાર્યક્રમનો લાભ મેળવેલ હતો. અને બન્ને સંસ્કૃતિ થી પરિચિત થયા હતા શ્રી અશોક શર્મા, કલેક્ટર દેવભૂમિ દ્વારકા અને શ્રી એચ.એમ. જાડેજા, જોઈન્ટ એમડીઅને અધિક કલેક્ટર ગુજરાત ટુરીઝમનાં સતત સહયોગ થી આ કાર્યક્રમને ભવ્ય રીતે સફળ બનાવી શકેલ છે અને તેઓને તે બદલ અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ સમગ્ર કાર્યક્રમ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગનાં પદાઅધિકારીશ્રી અને અધિકારીશ્રીના તેમજ દેવભૂમિ દ્વારકાનાં અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક કરેલ છે.

પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયાના અદયક્ષસ્થાને વર્ષ ૨૦૨૩-૨૪ની કચ્છ જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ

પ્રભારીમંત્રીશ્રી દ્વારા ગ્રાંટ પડતર ન રહે તે રીતે બાકી કામો તથા નવા કામો ગુણવત્તાયુકત તથા સમયમર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ કરાઇ

કમલમ્ ન્યુઝ, ભુજ,

કચ્છ જિલ્લા પ્રભારીમંત્રીશ્રી તેમજ પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને વર્ષ ૨૦૨૩-૨૦૨૪ જિલ્લા આયોજન મંડળની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં પ્રભારી મંત્રીશ્રીએ બાકી કામો તથા નવા આયોજનના કામોને સમયમર્યાદામાં ગુણવત્તાયુકત તેમજ સ્થાનિક પદાધિકારી તથા ધારાસભ્યો સાથે સંકલન સાધીને પૂર્ણ કરવા તાકીદ કરી હતી. આગામી મિટીંગ પૂર્વે બાકી રહેતા કામો ઈન્ડકેસમાં શૂન્ય કરવા અધિકારીશ્રીઓને જણાવ્યું હતું . વધુમાં તેમણે સંકલન તથા સમતોલ વિકાસ કરવા તેમજ છેવાડાના ગામ સુધી સરકારી યોજનાનો લાભ આપવા સૂચન કર્યુ હતું. તેમણે કચ્છની ટીમને ગુજરાતની નંબર વન ટીમ બને તે દિશામાં ખરા અર્થમાં કર્મયોગી બની વિકાસનો રોડમેપ તૈયાર કરીને કામગીરી કરવા આહવાન કર્યુ હતું. આ બેઠકમાં ૨૦૨૦-૨૧ વર્ષથી વર્ષ ૨૦૨૨-૨૩ સુધીના મંજૂર થયેલા, શરૂ ન થયેલા અને પ્રગતિ હેઠળના તમામ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ તમામ જોગવાઈના કુલ રૂ?.૧૪૭૦.૯૯ લાખના કુલ-૬૯૦ વિકાસના કામો મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાત રાજ્ય સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર તરફથી ફાળવવામાં આવતી વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળની ગ્રાન્ટમાંથી ગ્રામ્ય વિસ્તારમાં ન્યૂનતમ જરૂરિયાતના કામો જેવા કે, ગ્રામ્ય એપ્રોચ રોડ નગરપાલિકાના રસ્તા, પ્રાથમિક શાળાના ઓરડા તેમજ કમ્પાઉન્ડ વોલ, મધ્યાન ભોજન યોજનાના શેડ, શૌચાલય બ્લોક, પ્રાથમિક આરોગ્યના કામો, પાણી પુરવઠાના બોર પાઈપલાઈનના કામો, ગ્રામ્ય વીજળીકરણના કામો, આંગણવાડીના કામો તેમજ ગટર વ્યવસ્થાના કામો વગેરે મંજૂર કરવામાં આવે છે. ઉપરાંત વનીકરણ, ખેતી વિકાસ, ભૂમિ સંરક્ષણ, પશુપાલન, દવાખાનના કામો તેમજ અન્ય સ્થાનિક વિકાસના કામો મંજૂર કરવામાં આવ્યા છે. આ કામો બાબતે સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ તેમજ આયોજન મંડળના ઉપાધ્યક્ષાશ્રી પારૂલબેન કારા, તેમજ ધારાસભ્ય સર્વશ્રી કેશુભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, પ્રધ્યુમનસિંહ જાડેજા, ત્રિકમભાઈ છાંગા, અનિરુધ્ધભાઈ દવે તેમજ તમામ નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, તમામ તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, જિલ્લા પંચાયત ન્યાય સમિતિના ચેરમેનશ્રી કેશવજીભાઈ રોશિયા અને અગ્રણી જનપ્રતિનિધિઓએ મંજુર થયેલા કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા રજૂઆતો કરી હતી. પ્રભારી મંત્રીશ્રી, કલેકટરશ્રી અમિત અરોરાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિએ સબંધિત અમલીકરણ અધિકારીઓ પાસેથી આ કામો અંગે વર્તમાન સ્થિતિ જાણી કામો ત્વરીત પૂર્ણ કરવા સૂચના આપી હતી તેમજ જરૂર પડે એ અંગેની રજૂઆત અત્રેની કચેરીએ કરવાજણાવ્યું હતું. આ કામો ઝડપભેર પૂર્ણ કરવા અધ્યક્ષશ્રીએ ખાસ સૂચના આપી હતી. આ વિકાસ કામો અંગે આયોજનઅધિકારીશ્રીજે.કે.ચાવડાએ વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. જે પૈકી ૧૫ ટકા વિવેકાધીન તેમજ ૫ ટકા પ્રોત્સાહક હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં મળનાર ગ્રાન્ટ માટે જિલ્લાની તમામ તાલુકા આયોજન સમિતિઓ દ્વારા કુલ-૧૨૯૭.૯૯ લાખની રકમના કામોની દરખાસ્તો રજૂ થયેલ હતી. આજની જિલ્લા આયોજન મંડળ કચ્છની બેઠકમાં કુલ-૬૬૧ કામો રૂ?. ૧૨૯૫.૯૯ લાખના મંજૂર કરવામાં આવ્યા હતા. જે પૈકી તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ આયોજનની વિગતો નીચે પ્રમાણે છે. ભચાઉના ૪૮ કામ રૂ.૧૦૫.૫૦ લાખના, લખપતના ૪૨ કામ રૂ. ૧૦૫.૫૦લાખના, અંજારના ૪૮ કામ રૂ.૧૦૭.૪૯ લાખના, ગાંધીધામમાં રૂ.૭૨.૫૦ લાખના ૩૨ કામ, રાપરમાં ૧૦૨.૫૦ લાખના ૫૪ કામ, ૪૩ કામ મુંદરામાં રૂ.૯૯.૫૦ લાખના, નખત્રાણામાં ૭૫ કામ, રૂ.૧૧૨.૫૦ લાખના, ભુજમાં ૬૭ કામ રૂ. ૧૨૪ લાખના, અબડાસામાં રૂ.૧૨૩.૫૦ લાખના ૭૭ કામો, અને માંડવીના રૂ.૯૯.૫૦ લાખના ૪૮ કામો થઈ ૧૫ ટકા વિવેકાધિન ગ્રાન્ટના કુલ રૂપિયા ૧૦૫૨.૪૯ લાખના ૫૩૪ કામો મજુર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૫ ટકા વિવેકાધીન અનુ.જાતિ જોગવાઈ હેઠળ રૂ. ૨૧૮.૫૦ લાખના ૧૧૭ કામ તથા ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ હેઠળ રૂ. ૨૫ લાખના ૧૦ કામો મંજૂર કરાયા હતા. આ સાથે જિલ્લાની તમામ નગરપાલિકાના પ્રતિ નગરપાલિકા દીઠ રૂ?.૨૫ લાખ લેખે સાત નગરપાલિકાના રૂ?.૧૭૫ લાખના કુલ ૨૯ કામો મંજૂર કરવામાં આવ્યા .રાજય સરકાર તરફથી મળતી બક્ષીપંચની ગ્રાન્ટમાંથી રૂ?.૫૦ લાખના કુલ ૨૧ કામો મંજૂર કરવામાં આવ્યા હતા.આ બેઠકમાં નાયબ નિયામકશ્રી અને જિલ્લા આયોજન અધિકારીશ્રી મોરબી શ્રી જે.કે.બગીયા સરકારના નિરીક્ષક તરીકે, નિવાસી અધિક કલેકટરશ્રી મિતેશ પંડયા, તમામ પ્રાંત અધિકારીશ્રીઓ, સબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને જિલ્લા આયોજન કચેરીના કર્મયોગીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.

રોજગારી, ટેક્નોલોજી, રમતગમત, સંસ્કૃતિ અને કૃષિ જેવા વિષયો પર વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધતા મંત્રીશ્રી હર્ષ સંઘવી

ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત ૩૨૦ ગુજરાત સંવાદ કાર્યક્રમમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિત

કમલમ્ ન્યુઝ,

ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત ૩૨૦ ગુજરાત સંવાદ કાર્યક્રમ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાયો. ૩૨૦ ગુજરાત સંવાદ કાર્યક્રમમાં ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજના આ કાર્યક્રમ હું આપ સૌની સમક્ષ એક મંત્રી તરીકે નહીં પરંતુ એક મિત્ર તરીકે ઉપસ્થિત થયો છું. આ કાર્યક્રમ મારા એકલાને બોલવાનો નથી પરંતુ મારા યુવાન મિત્રોને બોલવાનો અને તેઓને સાંભળવાનો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ યુવાનોને પ્રશ્નો કર્યા હતા. જેમાં યુવાનોના દૃષ્ટિકોણ પ્રમાણે દેશમાં કઈ કઈ બાબતે વિકાસ સાધવાની જરૂર છે, જેમ કે., રોજગારી, ટેકનોલોજી, રમતગમત ક્ષેત્રે, સાંસ્કૃતિક અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે, એગ્રીકલ્ચર ક્ષેત્ર, ધંધાકીય ક્ષેત્રે રોકાણક્ષેત્રે, કમ્યુનિકેશનસ્કિલ જેવા વિવિધ વિષયો પર પ્રશ્નો કરી વિદ્યાર્થી યુવાનો સાથે સંવાદ સાધ્યો હતો. મંત્રીશ્રીએ યુવાનો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ જણાવ્યું હતું કે, ૩૨૦ ગુજરાત સંવાદ આજથી સમગ્ર રાજ્યમાં આરંભાયો છે. આગામી દિવસોમાં ગુજરાતના છેવાડાના ગામડાઓમાં પણ આવા કાર્યક્રમો થશે, જેમાં ગુજરાતના દરેક યુવાન પોતાની ભાગીદારી નોંધાવે અને દેશના વિકાસમાં પોતાના વિચાર સરકાર સમક્ષ રજૂ કરે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં ૩૨૦ ગુજરાત સંવાદની ૩૫૦ જેટલી બેઠકો એટલે કે કાર્યક્રમો યોજાશે. જેથી આ પ્રકારના માધ્યમ થકી યુવાનોને સરકારને સીધો પ્રશ્ન કરી સમસ્યાનું સમાધાન માટે તક પ્રાપ્ત થઈ છે, અને આ પ્રકારની કામગીરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના કારણે જ આપણે સૌને જોવા મળે છે જેનો ગર્વ થાય છે, તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વિદ્યાર્થી યુવાનોને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, આપ સૌ શિક્ષણની સાથે સાથે પોતાની અંદર રહેલ કૌશલ્યનો પણ વિકાસ કરો જેથી આપ જીવનમાં ક્યાંય નિષ્ફળ નહીં થાઓ, હંમેશા સફળ જ થશો અને સમાજના અન્ય લોકો માટે પણ પ્રેરણાદાયી બનશો, તેમ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે તમારી સૌની સાથે વાર્તાલાપ કરતા તમારા મનમાં રહેલ બાબતો જે દેશમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે તેનો ખ્યાલ આવ્યો અને આજે ખૂબ જ ગર્વ અનુભવાય છે કે ગુજરાતના યુવાન દેશના વિકાસ માટે મોડેલ સ્વરૂપ બની રહેશે. આપ સૌ સ્ટાર્ટઅપ, ઈનોવેશન, રમતગમત કે કોઈપણ ક્ષેત્રમાં જેમાં આપ સૌ ઈચ્છો એમાં આગળ વધો, ગુજરાત સરકાર હરહંમેશ આપના વિકાસ માટે કટિબદ્ધ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી હિમાંશુભાઈ પંડ્યા, સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના કો-ઓર્ડીનેટર શ્રી કૌશલભાઈ દવે, ગુજરાત યુવા મોરચા પ્રદેશના અધ્યક્ષ શ્રી પ્રશાંતભાઈ કોરાટ અને ફિલ્મ-લેખક શ્રી ચેતનભાઈ ધાનાણી સાથે જ વિવિધ શાખાના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગરમાં પત્રકાર પરિષદ યોજાઈ

જિલ્લાના ૧૩૨૩ બુથ ૨૧૩ શક્તિ કેન્દ્ર પર કાર્યક્રમ થશે દેશને એક જોડવાનો આ કાર્યક્રમ છે : જે. ડી. પટેલ

કમલમ્ ન્યુઝ, હિંમતનગર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો "મન કી બાત" નો ૧૦૦ મો એપિસોડ પ્રસારિત થશે જે ના માટે સાબર કાંઠા જિલ્લા ભાજપ સંગઠન દ્વારા મેગા આયોજન કર્યું છે. પત્રકાર પરિષદમાં વિગત આપતા જિલ્લા ભાજપ પ્રમુખ જે. ડી. પટેલ જણાવેલ કે દેશને જોડવાનું આ કાર્યક્રમ છે આને ભારત જોડો અભિયાન પણ કહેવાય, દેશમાં અલગ અલગ ભાષા છે છતાં રાજકારણ સાથે જોડ્યા વગર દેશને જોડવાનું માધ્યમ છે. હમણાં ગુજરાતમાં સૌરાષ્ટ્ર તમિલ કાર્યક્રમ યોજાયો. "મન કી બાત" કાર્યક્રમ થકી દેશના કરોડો લોકો આ માધ્યમથી આપણા વિદેશમાં રહેતા લોકો માટે પણ ઉપયોગી સાબિત થયા છે. નવા શોધો - નવી હુન્નર હોય કે છેવાડાનો ગામડાનો વ્યક્તિ દેશ માટે પછી એ સ્વચ્છતા અભિયાન હોય કે પર્યાવરણ માટે કે અન્ય વિષયમાં કામ કરતો હોય તો તેને આ કાર્યક્રમ પ્લેટફોર્મ પૂરું પાડે છે, પછી તે વિદ્યાર્થીઓની પરીક્ષા માટે હોય, કોરોના કાળમાં અનેક લોકોએ કામ કર્યું હોય તેના પરિવારજનો માટે આ કાર્યક્રમ પ્રેરણા બન્યો છે. આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ દરેક ક્ષેત્રે ને આવરી લઈ નાનામાં નાની વ્યક્તિ હોય કે દેશની સુરક્ષા, વિકાસ, ઉત્પાદન માટે તથા જે લોકો તમામ ક્ષેત્રે યોગદાન આપી રહ્યા છે તેમના માટે પ્રશંસા કરે છે તેમને પ્રોત્સાહન પણ મળે છે. જે.ડી. પટેલે વધુમાં જણાવેલ કે જિલ્લા ભાજપ સંગઠન દ્વારા મેગા આયોજન કર્યું છે. પત્રકાર પરિષદમાં વિગત આપતા જિલ્લા ભાજપ પ્રમુખ જે. ડી. પટેલે જણાવેલ કે દેશને જોડવાનું આ કાર્યક્રમમાં ભારતની સંસ્કૃતિની જાળવણી, ઐતિહાસિક સ્થાપત્યોનું જતન, દેશને ગૌરવ અપાવનાર વિશિષ્ટ વ્યક્તિઓનું પ્રતિભાને વડાપ્રધાને ઉજાગર કરી છે સાબરકાંઠામાં વિવિધ બુધ સિચાય, ચાર્ટર્ડ એકાઉન્ટ, ડોક્ટરો, ઉદ્યોગપતિ, વેપારી, વકીલ, મહિલા મંડળ, ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ પણ આ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જિલ્લા ભાજપ મહામંત્રી વિજય ભાઈ પંડ્યા જણાવેલ કે સાબર કાંઠા જિલ્લામાં ૧૩૨૩ બુથ તેમજ ૨૧૩ શક્તિ કેન્દ્ર ઉપર કાર્યક્રમ યોજાશે જેમાં જિલ્લાના તમામ ભાજપના હોદેદારો, ચૂંટાયેલા પદાધિકારીને પણકાર્યક્રમનીજવાબદારીઆપવામાં આવી છે. આ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો "મન કી બાત" નો કાર્યક્રમ વિશ્વ કક્ષાએ રેકોર્ડ થશે જેમાં કરોડો લોકો આ કાર્યક્રમ જોઈ સાંભળી શકશે. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, ઉપપ્રમુખ જયંતીભાઈ પટેલ, જિલ્લા ભાજપ મીડિયા કન્વીનર પંકજ પુવાડ પણ હાજર રહેલ.

ડાંગના નિવાસી અધિક કલેક્ટર શ્રી પદ્મારાજ ગાવિત થયા વયનિવૃત

મહેસુલી અધિકારીઓએ આપ્યુ ભાવભર્યું વિદાયમાન

કમલમ્ ન્યુઝ, અમરનાથ જ ગતાપ

ડાંગ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર શ્રી પદ્મારાજ ગાવિત વયનિવૃત થતા જિલ્લા સેવા સદન ખાતે વિદાય સમારોહ યોજવામા આવ્યો હતો. જેમા જિલ્લાના મહેસુલી અધિકારી, કર્મચારીઓએ તેમને ભાવભરી વિદાય આપી હતી. શ્રી પદ્મરાજ ગાવિતે તેમના ડાંગ જિલ્લાના કાર્યકાળ દરમિયાન મહેસુલ વિભાગની નિવાસી અધિક કલેક્ટર તરીકેની કામગીરી સફળતાપૂર્વક અદા કરી છે. આ વિદાય સમારોહ દરમિયાન મહેસુલી પરિવારના મોભી એવા ડાંગ કલેક્ટર શ્રી મહેશ પટેલે વયનિવૃત થઈ રહેલ અધિક કલેક્ટર દ્વારા જિલ્લામા કરેલ ઉમદા કામગીરીઓ વર્ણવી હતી. ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમા કામગીરી કરી ચુકેલા શ્રી ગાવિતની સંકલન સાથે કામગીરી કરવાની આવડત વિશે પણ તેમણે જણાવ્યુ હતુ. પોતાના કાર્યકાળ દરમિયાન મહેસુલી અધિકારી, કર્મચારીઓ સહીત જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારી, કર્મચારીઓના મળેલાં સહયોગ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતા શ્રી પદ્મારાજ ગાવિતે ડાંગ જિલ્લાના તેમના કાર્યકાળને તેઓ પોતાના જીવનના સુખદ સંભારણા તરીકે હમેશા યાદ રાખશે, તેમ જણાવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે, શ્રી ગાવિતે ડાંગના નિવાસી અધિક કલેક્ટર તરીકેની ફરજ પૂર્ણ કરીને અગાઉ તેઓ છોટાઉદેપુર ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે કાર્યભાળ સંભાળી ચુક્યા છે. આઉપરાંત તેઓ રાજકોટ ખાતેની જીજ્યોનલ મ્યુનિસિપલ કમિશ્નર નરીકે, અને દાહોદ તથા ભુજ ખાતે એસ.ડી.એમ. તરીકે તેમની સેવા આપી ચુક્યા છે. જિલ્લા સેવા સદન, આહવા ખાતે યોજાયેલા આ વિદાય સમારોહમા કલેક્ટર શ્રી મહેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ. ડામોર, જિલ્લા પોલીસ વડા શ્રી વિરિરાજ સિંહ જાડેજા, પ્રાંત અધિકારી શ્રી આર.સી. ચૌહાણ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ચૌધરી, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એસ. જી. પાટીલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોષી, કાર્યપાલક ઈજનેર શ્રી એસ.આર. પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હિમાંશુભાઈ ગામિત, ડિઝાસ્ટર મામલતદાર શ્રી અર્જુનસિંહજી ચાવડા, સુબીર મામલતદાર શ્રી વી.બી.દરજી સહીત મહેસુલી અધિકારી, કર્મચારીઓએ ઉપસ્થિત રહી તેમના સ્વાનુભાવો વર્ણવી સ્મૃતિભેટ અર્પણ કરી હતી.

તાપી જિલ્લા કલેક્ટરશ્રી ડૉ.વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન.શાહની ઉપસ્થિતીમાં આરોગ્ય વિભાગની વિવિધ સમિતીઓની બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

જિલ્લા કલેક્ટરશ્રી ડો. વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન. શાહની ઉપસ્થિતીમાં આરોગ્ય વિભાગની વિવિધ સમિતીઓની બેઠક યોજાઈ હતી. જેમાં માતા અને બાળ મરણ સર્વેલન્સ રીસ્પોન્સ કમિટિની બેઠક, ડિસ્ટ્રીક્ટ ટાસ્કફોર્સ ફોર ઈમ્યુનાઈઝેશન કમિટિ તથા સંચારી રોગચાળા સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ કમિટિની બેઠક દરમ્યાન વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. માતા અને બાળ મરણ સર્વેલન્સ રીસપોન્સ કમિટિની બેઠક અન્વયે ગત ૫ વર્ષમાં થયેલ માતા મરણ અને બાળ મરણ અંગે સમીક્ષા કરવામાં આવી હતી તથા વર્ષ-૨૦૨૨-૨ ઉના ૦૩ માતા મરણ અને ૪ બાળમરણ કેસ અંગે વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટર શ્રી દ્વારા માતામરણ અને બાળમરણમાં ઘટાડો થાય તે અંગેથી કામગીરીમાં સુધારાલક્ષી પગલાંઓ સુચવ્યા હતા અને માર્ગદર્શન આપ્યુ હતુ. ડિસ્ટ્રીક્ટ ટાસ્કફોર્સ ફોર ઈમ્યુનાઈઝેશન કમિટિ અંતર્ગત માહે: ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં મિઝલ્સ અને રૂબેલા એલીમીનેશન ગાઈડલાઈન અંગે WHO પ્રતિનિધિશ્રી દ્વારા માહિતીગાર કરાવવામાં આવ્યા હતા.

તથા મિઝલ્સ અને રૂબેલા રસીકરણ કવરેજ વધારવા, ગુણવત્તાયુકત સર્વેલન્સ કામગીરી અને સેમ્પલ કલેકશન અંગે ચર્ચા કરવામાં આવી હતી. તદઉપરાંત કિવર અને એ.એફ.પી. કેસ, મિઝલ્સ પોઝીટીવ કેસ, આગામી તા.૨૮-૦૫-૨૦૨૩થી યોજાનાર સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન (SNID) અંગે ચર્ચા કરવામાં આવી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન.શાહ દ્વારા સર્વેલન્સની કામગીરી સઘન કરવા અને રૂટીન ઈમ્યુનાઈઝેશન પ્લાનીંગ તૈયાર કરવા અંગે સુચન કર્યું. આ ઉપરાંત આરોગ્ય વિષયક સુવિધાઓ અપડેટ કરવા કોઈ પણ સાધન સામગ્રીની જરૂરીયાત હોય તો આયોજનમાં પ્લાન કરી સત્વરે માંગણી પુરી પાડવામાં આવશે અમે ડી.ડી.ઓશ્રીએ ખાત્રી આપી હતી. બેઠકમાં સંચારી રોગચાળા સમિતિ અંતર્ગત કોવિડ પ્રિપેર્ડનેસ પ્લાન, કોવિડ વેક્સિનેશન, એકયુટ ડાયરીએલ ડિસિઝ, એકયુટ રેસ્પીરેટરી ઈલનેસ, ટાઈફોઈડ, લેપ્ટોસ્પાયરોસીસ જોખમી ગામો, વર્ષ વાઈઝ લેપ્ટોસ્પાઈરોસીસ કેસ, એન્ટીરોડેન્ટ એક્ટિવીટી, સીરો સર્વેલન્સ રીપોર્ટ, નેશનલ રેબીસ કંટ્રોલ પ્રોગ્રામ, વોટર કલોરીનેશન, સિકલ સેલ એનીમીયાં કંટ્રોલ પ્રોગ્રામ, તમાકુ નિયંત્રણ અધિનિયમ, ૨૦૦૩ અન્વયે કરેલ કેસો અને વસુલાત, હીટવેવ, મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુન્યા, કાલા લેરીયા એલીમીનેશન પ્રોગ્રામ અંગે ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમના ૧૦૦માં એપિસોડ સંદર્ભે ગાંધીનગર મહાનગર અને જિલ્લા ભાજપાની સંયુક્ત પત્રકાર પરિષદ યોજાઈ

ગાંધીનગર મહાનગરના ૨૭૨ બુથ અને ૫૯ શક્તિકેન્દ્રો ખાતે તેમજ સમગ્ર ગાંધીનગર જિલ્લાના ૯૫૯ બુથ સહિત ૧૩૩ શક્તિ કેન્દ્ર ઉપર મન કી બાત કાર્યક્રમ નિહાળવાનું આયોજન.

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે ૩૦ એપ્રિલ ૨૦૨૩, રવિવારે સવારે ૧૧.૦૦ કલાકે પ્રસારિત થનાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમનો ૧૦૦મો એપિસોડ સંદર્ભે ગાંધીનગર મહાનગર અને જિલ્લા ભાજપાની સંયુક્ત પત્રકાર પરિષદ શ્રી કમલમ, સેક્ટર-૨૧ ખાતે ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋષિર ભટ્ટ, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ તેમજ મહાનગરના મેયરશ્રી હિતેશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. પ્રેસ વાર્તાને સંબોધન કરતા મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋષિર ભટ્ટે જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૨૦૧૪માં જનતાના પ્રચંડ સમર્થન અને વિશ્વાસ સાથે દેશનું સુકાન સંભાળ્યું એ વાતને આ વર્ષે નવ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. આ ૯ વર્ષના સમયગાળામાં દેશે વિકાસ, સંરક્ષણ, સરહદી સુરક્ષા, ગરીબ કલ્યાણ, કૃષિ કલ્યાણ તેમજ આર્થિક માપદંડો ક્ષેત્રે અનેક આયામો સર કર્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે ભારત પોતાનું મજબૂત અને અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ રહ્યું છે. દેશ નવા ભારતના નિર્માણ માટે એકજૂટ થઈને આગળ વધી રહ્યો છે. અભૂતપૂર્વ, નિર્ણાયક, દૂરંદેશી નેતૃત્વક્ષમતાથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિકાસ, સુરક્ષા, એકતા અને અખંડિતતાના રક્ષણની સુનિશ્ચિતતાની સાથે સાથે જન સામાન્યને લગતા વિવિધ વિષયો અંગે સંવાદ થકી દેશભરના નાગરિકોને પ્રોત્સાહિત કરવા અને વિશિષ્ટ તેમજ ઉદાહરણરૂપ કાર્ય કરનાર નાગરિકોની સિદ્ધિઓ અને યોગદાન દેશ સમક્ષ રજૂ કરવા મન કી બાત કાર્યક્રમ શરૂ કર્યો જેનો પ્રથમ એપિસોડ ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ પ્રસારિત કરવામાં આવ્યો હતો જે નિરંતરતાથી ચાલુ છે અને ૩૦ એપ્રિલ રવિવારે સવારે ૧૧.૦૦ કલાકે મન કી બાત કાર્યક્રમનો ૧૦૦ મો એપિસોડ પ્રસારિત થવા જઈ રહ્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી મન કી બાત કાર્યક્રમ થકી યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત બાળક થી બુઝુર્ગ સુધી દેશના દરેક વર્ગના નાગરિકો અને વિવિધ ક્ષેત્રને લગતા મુદ્દાઓ અંગે છણાવટ કરે છે, નાગરિકોને સ્વયં તેમનો અનુભવ અને વિશિષ્ટ કાર્ય અંગે સમગ્ર દેશને અવગત કરાવવાનો અવસર પ્રાપ્ત થાય છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો મન કી બાત કાર્યક્રમ સાચા અર્થમાં પ્રોત્સાહક, ઉત્સાહવર્ધક, જ્ઞાનવર્ધક અને માર્ગદર્શન પૂરું પાડનાર છે, મન કી બાત કાર્યક્રમ જનજાગૃતિ અને સામાજિક સંદેશનું ઉત્તમ માધ્યમ બન્યો છે જેને ભાજપના કાર્યકર્તાઓ અને દેશના લાખો પરિવાર સહકુટુંબ નિહાળે છે અને દરેક એપિસોડનો અંતે વિભિન્ન વિષયે સકારાત્મક બાબતો ગ્રાહ્ય કરે છે. આ વખતે ૩૦ એપ્રિલ રવિવારે સવારે ૧૧.૦૦ કલાકે મન કી બાત કાર્યક્રમના ૧૦૦ મો એપિસોડના અનુસંધાને ગાંધીનગરના તમામ શક્તિકેન્દ્રો પર પ્રત્યેક બૂથમાં કાર્યકર્તાઓ અને શુભેચ્છકો એકઠા થઈને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને સાંભળે ને પ્રકારે આયોજન કરવામાં આવ્યું છે અને ૧૦૦ મો એપિસોડના પ્રસારણને ભવ્ય અને વિશિષ્ટ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીનું સંગઠન મન કી બાત કાર્યક્રમ અંગે વધુ ને વધુ જાગૃતિ ફેલાય અને દિન પ્રતિ દિન મન કી બાત કાર્યક્રમના શ્રોતાઓ વધે તેવો સતત પ્રયાસ કરે છે.જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ૩ ઓક્ટોબર ૨૦૧૪ થી આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સમાજના પ્રત્યેક વર્ગના લોકોના અભિપ્રાયો અને સૂચનો મેળવીને મન કી બાત કાર્યક્રમના માધ્યમથી દેશવાસીઓને સંબોધી રહ્યા છે, જેમાં રોજિંદા જીવનને વણી લેતી બાબતો - મુદ્દાઓને આવરીને દેશવાસીઓ સમક્ષ પોતાના વિચારો મૂકે છે આ વિચારોના પરિણામે સમગ્ર દેશમાં અનેક પરિમાણો પર જન આંદોલનોનું સર્જન થયું છે. મન કી બાત ના માધ્યમથી સમાજના નાનામાં નાના વ્યક્તિઓ અને સંસ્થાઓની વાત સમગ્ર દેશમાં પહોંચી છે, જેના કારણે તેના સકારાત્મક અને પ્રેરણાદાયી પરિણામો પણ મળ્યા છે. મન કી બાત ના પ્રથમ એપિસોડથી લઈ આજ દિન સુધી સમાજમાં અનેક સકારાત્મક બદલાવ આવ્યા છે. આ ઉપરાંત સમાજ જીવનમાં ખૂબ પ્રેરણાદાયી યોગદાન આપનાર વ્યક્તિઓને પણ તેઓએ ખિરદાવી તેમની વાતો પણ તેમણે દેશ સમક્ષ મૂકી છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આ મન કી બાત કાર્યક્રમ દેશના ૧૦૦ કરોડ લોકોએ ઓછામાં ઓછો એક વખત અને જ્યારે ૨૩ કરોડ લોકો નિયમિત રૂપથી આ કાર્યક્રમ સાંભળે છે.આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત કાર્યક્રમના માધ્યમથી લોકોનો ભરોસો જીત્યો છે આ ભરોસો આપમેળે નથી આવતો એ ક્રમાવો પડે છે જે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી બતાવ્યું છે આ મન કી બાત કાર્યક્રમના પરિણામે જ સેલ્ફી વિથ ડોટર, ઈકોફ્રીલ્ડ ઈન્ડિયા, જવાનોને સંદેશ, ખાદીનું પ્રમોશન, સ્વચ્છતા અભિયાન, પાણી બચાવો, બેટી બચાવો બેટી પઢાવો, મહિલા સશક્તિકરણ જેવા મુદ્દાઓ જન આંદોલન બન્યા છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંબોધિત થનાર મન કી બાત ના આ ૧૦૦ મો એપિસોડ જન જન સુધી પહોંચે તે માટે ભાજપા કાર્યકર્તાઓ પ્રત્યેક ઘેર ઘેર જઈને આમંત્રણ પાઠવશે. મહાનગરના મેયર હિતેશભાઈ મકવાણા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મન કી બાત કાર્યક્રમના ૯૯ એપિસોડ પૂર્ણ થયા છે અને આ તમામ એપિસોડ સમગ્ર દેશે ઉત્સાહભેર નિહાળ્યો છે. આ કાર્યક્રમ થકી છેવાડાના માનવીની સંવેદનાને વાચા આપવાનું કામ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. આરોગ્ય, સાંસ્કૃતિક, શૈક્ષણિક સહિત વિવિધ ક્ષેત્રના નાગરિકોના હુનરને ઉજાગર કરવાનું કરવાનું કાર્ય મન કી બાત કાર્યક્રમ દ્વારા થયું છે. મન કી બાત ના ૧૦૦ માં એપિસોડના પ્રસારણની દેશ આતુરતાથી રાહ જોઈ રહ્યો છે.

આવતીકાલે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી મન કી બાતના ૧૦૦ મો એપિસોડ સંબોધી રહ્યા છે ત્યારે ગાંધીનગર મહાનગરના ૨૭૨ બુથ અને ૫૯ શક્તિકેન્દ્રો ખાતે તેમજ સમગ્ર ગાંધીનગર જિલ્લાના ૯૫૯ બુથો સહિત ૧૩૩ શક્તિ કેન્દ્ર ઉપર આ કાર્યક્રમનું સાંભળવાનું આયોજન ગાંધીનગર જિલ્લા અને મહાનગર ભાજપા દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગર ખાતે ધારાસભ્ય રીતાબેન પટેલ પ્લોટ નં. ૩૦૧ શ્રેયસ સોસાયટી સેક્ટર-૨૨ બુથ નં.૧૮૨ ખાતે, પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શહેર ભાજપા પ્રમુખ ઋષિર ભટ્ટ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર, ઈક્કોન ગાંઠિયા પાસે સેક્ટર-૬ બુથ નં.૧૨૯ ખાતે, ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર પંચાયત ઘર ઝુંડાલ બુથ નં.૨૧૫ ખાતે મન કી બાત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. દહેગામ ખાતે ગુજરાત પ્રદેશ ભાજપાના મન કી બાત કાર્યક્રમના પ્રદેશ ઈન્ચાર્જ અને ગાંધીનગર જિલ્લાના પ્રભારી પંકજભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં બુથ નંબર ૧૨૩ મન કીબાત કાર્યક્રમ યોજાશે. ધારાસભ્ય શ્રીઓ બલરામજસિંહ ચૌહાણ બુથ નંબર ૧૭ ધનિયોલ, દેહગામ, શ્રી જે. એસ. પટેલ બુથ નંબર ૬૫ ચરાડા તથા શ્રી લક્ષ્મણજી ઠાકોર બુથ નંબર ૧૫૬ બોરીસણા, કલોલ ખાતેમન કી બાત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે

એ. આર. ટી. એન્ડ સરોગસી બોર્ડમાં ગીતાબેન શ્રોફ ની સભ્ય તરીકે નિમણુંક



કમલમ્ ન્યુઝ, મયુર પટેલ

ગુજરાતસરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રાલય દ્વારા ૨ ચાર્યે લ બોર્ડ નું નોટિફિકેશન એક્સ્ટ્રા ઓર્ડિનરી ગેજેટ માંજાહેર થયેલ છે.જે મુજબ રીપ્રોડક્ટિવ ટેકનોલોજી અને ધ સરોગસી એક્ટ ૨૦૨૧ ના પાલન માટે એ.આર. ટી. એન્ડ સરોગસી બોર્ડ બનાવવામાં આવ્યું છે ,જેમાં સુરત ના સામાજિક સેવાભાવી અને મહિલા અગ્રણી ગીતા બેન શ્રોફ નો બોર્ડના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. સુરત ખાતે ની "અ.નિ.સે. "સંસ્થા ના પ્રમુખ અને બેટી બચાવો સંતુલન યાત્રા અભિયાનના પહેલકર્તા ,વર્ષોથી હજારો મહિલાઓના માર્ગદર્શક બનેલા છે.તેઓના પ્રયાસો થી સુરત શહેરની પરિવાર અદાલતમાં માનદ કાઉન્સેલીંગ સેવા અપાઈ રહીછે. રાજ્ય સરકાર શ્રીના અનેક કાર્યક્રમો માં સહયોગ આપનાર શ્રીમતી ગીતા બેન શ્રોફને બોર્ડમાં સત્તાઓ સાથે નિમણૂક કરવામાં આવી છે.આજ સમાહ માં રાજ્ય સરકાર શ્રી ના બહાર પાડવામાં આવેલા ગેજેટ્સ માં સત્તાવાર રીતે બોર્ડ ના સભ્ય શ્રી ઓ ને જાહેર કરવામાં આવ્યા છે જેમાં ગીતાબેન શ્રોફ ને સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે કુલ ૨૩ પધરાવતા આ બોર્ડ માં રાજ્ય સરકાર ના આરોગ્ય મંત્રી શ્રી ચેર પરસન છે ,અને આરોગ્ય વિભાગ, બાળ અને મહિલા કલ્યાણ વિભાગ ના વરિષ્ઠ સચિવ શ્રી ઓ નો સમાવેશ થાય છે.

નવસારીના લુન્સીકુઇ ગ્રાઉન્ડ ખાતેથી ૧૨૫ નવીન બસોનું લોકાર્પણ કરતા વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્ ન્યુઝ, નવસારી

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૧૨૫ નવીન બસોનું વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ નવસારીના લુન્સીકુઇ ગ્રાઉન્ડ ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ અવસરે તેમની સાથે નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યના તમામ શહેરો અને અંતરિયાળ ગામોને પરિવહન સેવાથી સાંકળી લઈ તેમજ કોઈપણ ગામ પરિવહન સેવાથી વંચિત ન રહે તે માટે નવીન બસોની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. આ નવીન બસોથી મુસાફરો/ વિદ્યાર્થીઓને પરિવહન સેવાનો લાભ મળશે. નિગમ મુસાફરોને સમયસર અને આરામદાયક મુસાફરીની સાથે સલામતીના ધ્યેય સાથે કામ કરે છે. નવસારી ખાતે મુસાફરોને આરામદાયક સુવિધા માટે મીની બસો-૭૦, સ્લીપર-૨૦ તેમજ 2×2 સીટર – ૩૫ બસોનો સમાવેશ કરાયો છે. કાર્યક્રમ બાદ ગૃહ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, સાંસદશ્રી સી.આર.પાટીલ સહિત અન્ય મહાનુભાવો બસમાં મુસાફરી કરી ચીખલી ખાતે નવનિર્મિત પોલીસ આવાસના લોકાર્પણ કાર્યક્રમમાં રવાના થયા હતા.આ પ્રસંગે નવસારી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહિર, ધારાસભ્યો સર્વેશ્રી નરેશભાઈ પટેલ, આર.સી.પટેલ, રાકેશભાઈ દેસાઈ તથા નવસારી-વિજલપોર નગરપાલિકા પ્રમુખ શ્રી જીગીશભાઈ શાહ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પુષ્પ લતા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઋષિકેશ ઉપાધ્યાય, સ્થાનિક અગ્રણીઓ અને નગરજનો ઉપસ્થિત રહયા હતાં.

રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મ સ્થળ ચોટીલામાં ૨૯.૫૧ કરોડના ખર્ચે નિર્માણ થનારા સંગ્રહાલય-પુસ્તકાલયનું ભૂમિપૂજન

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગર જિલ્લાને એક જ દિવસમાં વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી છે. મુખ્યમંત્રીશ્રીએ સુરેન્દ્રનગર જિલ્લાની મુલાકાત દરમિયાન નવા બસ સ્ટેશનનું લોકાર્પણ તેમજ શ્રી ઝવેર ચંદ મેઘાણી સંગ્રહાલય-પુસ્તકાલયનું ખાતમુહૂર્ત કરી જિલ્લામાં જાહેર પરિવહન સુવિધા, સંચાર અને સાહિત્ય-વિરાસતની વિકાસ સરવાણી વહાવી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સુરેન્દ્રનગર-ઝાલાવાડની એક દિવસીય મુલાકાત જિલ્લા માટે વિકાસ ઉત્સવ બની હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં ૯૧ આકાશવાણી રેડિયો એક.એમ સ્ટેશનનો પ્રારંભ નવી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી કરાવ્યો તે અન્વયે સુરેન્દ્ર નગરને પણ આવા હ્રસ સ્ટેશનની ભેટ મળી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ આ અવસરે સુરેન્દ્રનગરમાં આયોજિત સમારોહમાં સહભાગી થયા હતા.

-: સુરેન્દ્રનગર-ઝાલાવાડને મળી વિવિધ વિકાસ ભેટ :-

- **વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતીમાં ઓલ ઇન્ડીયા રેડિયોના સુરેન્દ્રનગરમાં FM સ્ટેશનનો પ્રારંભ**
- **સુરેન્દ્રનગરમાં ૨૦ હજાર ચોરસ મીટર વિસ્તારમાં સવા ૬ કરોડના ખર્ચે નવનિર્મિત બસ મથકનું લોકાર્પણ**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત જિલ્લાની મુલાકાત દરમિયાન સવારે ચોટીલા ખાતે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેર ચંદ મેઘાણી સંગ્રહાલય અને પુસ્તકાલયનું ખાતમુહૂર્ત કર્યું હતું. ચોટીલા ખાતે રૂ. ૨૯.૫૧ કરોડનાં ખર્ચે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય અને રૂ. ૩.૩૯ કરોડના ખર્ચે સરકારી પુસ્તકાલયનું નિર્માણ કરાશે. તેમણે સંગ્રહાલયની મુલાકાત લઈ શ્રી ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પ્રદર્શિત કરાયેલા શ્રી મેઘાણીના સાહિત્યસર્જનને રસપૂર્વક નિહાળ્યું હતું. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી વર્ષની ઉજવણી અંતર્ગત તેમના જન્મ સ્થળ ચોટીલા ખાતે સંગ્રહાલય તૈયાર કરવા સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવી છે અને સંગ્રહાલય માટે રૂ.૨૯.૫૧ કરોડનું બજેટ મંજૂર કરાયું છે. આ સંગ્રહાલયમાં શ્રી ઝવેર ચંદ મેઘાણીના પત્રકારત્વ અને ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં યોગદાનને પ્રદર્શિત કરાશે. આ ઉપરાંત, ચોટીલાના તાલુકા પુસ્તકાલયને, 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સરકારી તાલુકા પુસ્તકાલય' એવું નામ આપવામાં આવ્યું છે.

હાલનું ભવન નાનું હોવાથી રાજ્ય સરકાર દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ બે માળના અત્યાધુનિક સરકારી પુસ્તકાલયનું નિર્માણ થશે. આ પુસ્તકાલયમાં મેઘાણીજીના તમામ સાહિત્યસર્જનને ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેનો વાચકો સંશોધકો પણ ઉપયોગ કરી શકશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લાને વધુ વિકાસ ભેટ આપતા સુરેન્દ્રનગર શહેરમાં રૂ. ૬.૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત બસ સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેશનના પરિસરની મુલાકાત લઈને મુસાફરો માટે ઊભી કરવામાં આવેલી વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. સુરેન્દ્રનગર શહેરમાં ૨૦,૦૮૩ ચો.મી. વિસ્તારમાં આકાર પામેલા આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરવાળા આ બસ સ્ટેશનમાં કુલ ૧૪ પ્લેટફોર્મ અને મુસાફરો માટે બેઠક વ્યવસ્થા સાથેનો વેઈટિંગ હોલ, ઈંફવાયરી રૂમ, વી.આઈ.પી. વેઈટિંગ લોન્જ, ચાઈલ્ડ કેર રૂમ, કેન્ટીન, વોટર રૂમ સહિતની સુવિધાઓ પણ કરવામાં આવી છે. સુરેન્દ્રનગર બસ સ્ટેશન ખાતે સુરેન્દ્રનગર ડેપોની ૧૪૦ અને અન્ય ડેપોની ૧૪૦ બસો મળીને કુલ ૨૮૦ બસોમાં દૈનિક ધોરણે અંદાજે ૫૦૦૦ જેટલા મુસાફરો માટે પરિવહન હવે વધુ સુવિધાજનક બનશે.મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન કેન્દ્રિય રાજ્યમંત્રીશ્રી મહેન્દ્રભાઈ મુંજપરા, નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા, ધારાસભ્ય સર્વશ્રી કિરીટસિંહ રાણા, શ્રી શામજીભાઈ ચૌહાણ, શ્રી પી.કે. પરમાર, શ્રી પ્રકાશભાઈ વરમોરા, બંદરો અને વાહન વ્યવહાર નિગમના અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે.દાસ, વાહન વ્યવહાર નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી એમ. એ. ગાંધી, વાહન વ્યવહાર નિગમના સચિવશ્રી રવિ નિર્મલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી આર. એમ. રાયજાદા, આકાશવાણી રાજકોટના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રી રમેશ આહિરવાર, દૂરદર્શનના એડિશનલ ડેપ્યૂટી ડાયરેક્ટર શ્રીમતી આભાબેન શર્મા, જિલ્લા કલેકટર શ્રી કે.સી. સંપટ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રકાશ મકવાણા, પોલિસ અધિક્ષક શ્રી હરેશ દૂધાત, સહિતનાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વીર નર્મદ યુનિવર્સિટી ખાતે કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી ભારતી પ્રવિણ પવાર ના અધ્યક્ષસ્થાને નર્સિંગ ક્ષેત્રની નેશનલ કોન્ફરન્સ યોજાઈ

સુરતની સરકારી નર્સિંગ કોલેજના છાત્રોને કોર્સ બાદ મળતી ૧૦૦% રોજગારી અહીંની ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવે છેઃ સાંસદ પ્રભુભાઈ વસાવા

કમલમ્ ન્યુઝ, મયુર પટેલ

સુરત નવી સિવિલ હોસ્પિટલ સ્થિત સરકારી નર્સિંગ કોલેજ અને ટ્રેઈન્ડ નર્સિસ એસોસિએશન ઓફ ઈન્ડિયા-સુરત(ગુજરાત બ્રાન્ચ)ના સંયુક્ત ઉપક્રમે વીર નર્મદ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી ભારતી પ્રવિણ પવારના અધ્યક્ષસ્થાને 'નર્સિંગ અભ્યાસમાં આધુનિકરણ, નવા પડકારો અને નવીનીકરણ'ના વિષય પર નેશનલ કોન્ફરન્સ યોજાઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી ડૉ ભારતી પ્રવિણ પવારે નર્સિંગની વિશેષતા વિષે જણાવ્યું હતુ કે, નર્સિંગ એ ડોકટર અને દર્દી વચ્ચે માધ્યમ બની માનવીયતા સાથે સેવા પ્રદાન કરનારૂ મહત્વનું ક્ષેત્ર છે. વૈશ્વિક મહામારી કોરોનાના વિકટ સમયમાં નર્સિંગ વિભાગની ઉત્કૃષ્ટ કામગીરીનું ઉદાહરણ આપી તેમણે દેશ અને વિશ્વમાં નર્સિંગ વિભાગના નોંધપાત્ર યોગદાનને બિરદાવ્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ કોરોના નો મક્કમતાથી સામનો કરી દેશવાસીઓને સુરક્ષિત રાખવાની ઉમદા કામગીરી બાદ વિશ્વકક્ષ પર ભારતીય આરોગ્ય વ્યવસ્થાની ઉમદા ઓળખ પ્રસ્થાપિત થઈ છે એમ જણાવતા તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને દેશના આરોગ્ય નિષ્ણાંતો પર તેમણે મૂકેલા વિશ્વાસને પરિણામે આજે સમગ્ર વિશ્વમાં ભારતીય તબીબો અને તબીબી સેવાઓની માંગ વધી રહી છે. જેને પહોંચી વળવા દેશના વિવિધ રાજ્યોમાં નવી તબીબી સંસ્થાઓ સ્થપાઈ રહી છે. સાથે જ 'ફિટ ઈન્ડિયા'ના સંકલ્પને સાકારિત કરવા નવી ૧૫૭ મેડિકલ કોલેજની સાથોસાથ એટલી જ નર્સિંગ કોલેજો સ્થાપવાનું પણ બજેટમાં નક્કી કરાયુ છે. જેના થકી ગુજરાતના ૫ શહેરોમાં નિર્માણ પામનારી નર્સિંગ કોલેજોમાં ૫૦૦ સીટોનો વધારો થશે એમ તેમણે જણાવ્યું હતું. શ્રીમતી પવારે વધુમાં નર્સિંગ વિભાગમાં ફોરેન્સિક સાયન્સના અભ્યાસની વિશેષતાઓ પર ભાર આપતા જણાવ્યું હતું કે, નર્સને યોગ્ય ટ્રેનિંગ અને અભ્યાસની મદદથી ફોરેન્સિક સાયન્સનું જ્ઞાન આપી તબીબી ક્ષેત્રે વધુ સારા પરિણામો મેળવી શકાય છે.

જે અંતર્ગત હાલ ગુજરાતમાં એક માત્ર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ શરૂ છે. આરોગ્ય ક્ષેત્રે નર્સિંગનું મહત્વ સમજાવતા સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું કે, સુરતની સરકારી નર્સિંગ કોલેજના છાત્રોને કોર્સ બાદ મળતી ૧૦૦% રોજગારી અહીંની ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવે છે. નર્સિંગ સ્ટાફ દર્દી સાથે પરિવારજનની ભાવના સાથે સેવાસુશ્રુષા કરે છે. કોઈ પણ ડોક્ટર કે હોસ્પિટલની સફળતામાં નર્સિંગ સેવાઓનું સવિશેષ યોગદાન હોય છે. તેમણે તબીબી ક્ષેત્રે અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતની અગ્રિમતાનું મુખ્ય કારણ આરોગ્ય ક્ષેત્રે સરકાર દ્વારા થઈ રહેલા ભગીરથ પ્રયાસો કારણભૂત છે એમ જણાવી સુરત નર્સિંગ એસોસિયેશનની અને નર્સિંગ કાઉન્સિલના શ્રી ઈકબાલ કડીવાલાની ઉત્કૃષ્ટ કામગીરીની પ્રશંસા કરી હતી. વડોદરાના સંગઠન પ્રમુખ ડો.વિજયભાઈ શાહ ટ્રેનરો તૈયાર કરી બીજા ૧ લાખ નર્સને ફોરેન્સિક સાયન્સનું જ્ઞાન આપી કેન્દ્ર અને રાજ્ય સરકારની મદદથી તાલીમબદ્ધ કરશે. જે તેમને મેડિકો લીગલ કેસીસમાં મદદરૂપ બનશે. આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજિસ્ટ્રાર ડો.પ્રજ્ઞા ડાભી અને કોર્પોરેટર કૈલાશબેન સોલંકીને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ મળેલા નેશનલ ફ્લોરેન્સ નાઈટિંગલ પ્રેસિડન્ટ એવોર્ડ બદલ મંત્રીશ્રીએ સન્માનિત કર્યા હતા. આ વેળાએ મંત્રીશ્રી અને મહાનુભાવોએ ડો.પરિમલ પટેલ અને ડો.ખુશ્બુ માંકડિયા લિખિત નર્સિંગ સ્ટડી માટે વિદ્યાર્થીઓને ઉપયોગી એવી 'ગોલ્ડન બુક ઓફ કોમ્યુનિટી હેલ્થ નર્સિંગ'નું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલના પ્રમુખ ડો.ટી.દિલીપકુમાર, નર્મદ યુનિ.ના વાઈસ ચાન્સેલર ડો.કિશોરસિંહ ચાવડા, કે.કલ્ટી ઈનિ મેડિસિન અને સિન્ડીકેટ મેમ્બર ડો.મહેન્દ્રસિંહ ચૌહાણ, યુનિ. સિન્ડીકેટ મેમ્બર, આઈ.એમ.એ.ના જોઈન્ટ ડો.પાડુલ વડગામા, નવી સિવિલ આર.એમ.ઓ ડૉ કેતન નાયક મેડિકો લીગલ સ્ટડીસ-નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિ વર્સિટી - ગાંધીનગરના ડો.રાજેશ બાબુ, જોઈન્ટ સેક્રેટરી કે.એસ. ભારતી, વડોદરાના સંગઠન પ્રમુખ ડો.વિજયભાઈ શાહ, નર્સિંગ એસો.ના સભ્ય શ્રી કિરણ દોમડીયા,તેમજ સહિત મોટી સંખ્યામાં નર્સિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશને વિશ્વ ગુરુ તરીકે પ્રસ્થાપિત કર્યો છે: મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર

શિક્ષકોએ અને આચાર્યોએ શિક્ષણ થકી બાળકોમાં રહેલ કૌશલ્યનો વિકાસ સાધી તેમને આત્મનિર્ભર બનાવવા જોઈએઃ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર

AMA ખાતે આયોજિત ૨-૨૦ ઓરિએન્ટેશન અને પ્રોજેક્ટ માસુમ કાર્યક્રમમાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે આયોજિત ૨-૨૦ ઓરિએન્ટેશન અને પ્રોજેક્ટ માસુમ કાર્યક્રમમાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર ઉપસ્થિતિ રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે આ કાર્યક્રમમાં હું એક શિક્ષણ મંત્રી તરીકે નહીં પરંતુ આપ સૌ આચાર્યો અને શિક્ષકો સાથે એક પરિવારના સભ્ય તરીકે ઉપસ્થિત રહ્યો હોવાની અનુભૂતિ કરી રહ્યો છું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, એક શિક્ષક તરીકે શિક્ષણ વિભાગમાં આપણે સૌએ સારું કાર્ય કરવાનું છે. આજના સમાજ, બાળક અને યુવાનોને આપણે સૌએ સહાયરૂપ બની તેમના વિકાસમાં ફાળો આપવાનો છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલર સુધી પહોંચાડવાનું જે લક્ષ્યાંક જોયું છે, તેમાં આપણે સૌએ ભાગીદાર થવું જોઈએ અને આવનારી પેઢીને પણ તેમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા જોઈએ. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ મોદી ભારત દેશને વિશ્વ ગુરુ તરીકે પ્રસ્થાપિત કર્યો છે.

જે આપણા સૌ માટે ગર્વની બાબત છે, તેવું તેમણે ઉમેર્યું હતું.તેમણે નવી શિક્ષણ નીતિની વાત કરતા જણાવ્યું હતું કે, શિક્ષણના સ્તરમાં નવી શિક્ષણ નીતિનો સુચારુરૂપે અમલ થાય તે માટે શાળાના આચાર્યોએ, શિક્ષકોએ અને શિક્ષણ વિભાગના દરેક કર્મચારીઓએ તેમાં અંગત રસ પરોવી ઉમદા કામગીરી કરી જનસમુદાયને સહયોગ આપવાની જરૂર છે. જેથી નવી શિક્ષણ નીતિનો સરળતાથી અમલ કરી શકાય અને લોકોનો વિકાસ કરી શકાય, તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ આત્મનિર્ભર ભારતના સૂત્રની વાત કરતા જણાવ્યું હતું કે, આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતનું સૂત્ર આપીને દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સાર્થક પ્રયત્ન કર્યો છે, અને સાથે સાથે સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌના વિશ્વાસના સૂત્રને વધુ સાર્થક બનાવવા પ્રયત્ન કરવો જોઈએ, તેમ તેઓએ ઉમેર્યું હતું.આ કાર્યક્રમમાં સી.આઈ.આઈ ગુજરાત સ્ટેટ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી દર્શનભાઈ શાહ, સમગ્ર શિક્ષા સચિવ અને G-20 શિક્ષણ નોડલ ઓફિસર શ્રી મહેશભાઈ મહેતા, વાય આઈના ચેરમેન શ્રી જયેશ પંડ્યા જેવા અનેક મહાનુભાવો, વિવિધ શાળાના આચાર્યો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે મતવિસ્તારના ગામોની મુલાકાત લઈશુભ પ્રસંગોએ હાજરી આપીલોક રજૂઆતો સાંભળી

કમલમ્ ન્યુઝ,

સિદ્ધપુર તાલુકાના સુજાનપુર ગામે મહાદેવજી, ગુરુ મહારાજ, કુળદેવી માતા, ગામદેવી દેવતાઓ, ચાચરેટ દાદા વગેરે મંદિરોના દશાબ્દિ મહોત્સવ અને ૩૧ કુંડી મહારુદ્ર યજ્ઞ પ્રસંગે માન. કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિત રહી દેવી-દેવતાઓના દર્શન કરી આશીર્વાદ લીધા આ પ્રસંગે સમગ્ર સુજાણપુર ગામના ગ્રામજનો નાનેં એક સંપથી આવા માંગલિક પ્રસંગો કરવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે સમસ્ત સુજાનપુર ગામના ગ્રામજનો, મહંતશ્રીઓ, ગાયત્રી પરિવારના સભ્યો, સિધ્ધપુર શહેર અને તાલુકાના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત સરસ્વતી તાલુકાના અબલુવા ગામે ડેલીગેટ વેરસીજી નાગજીજીના સુપુત્રના લગ્ન પ્રસંગે હાજરી આપી શુભેચ્છાઓ પાઠવી તેમજ ખોડાણા ગામે ભાજપ તાલુકા યુવા મંત્રી સરમાજી લાલજીજીના સુપુત્રના લગ્ન પ્રસંગે ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી તે ઉપરાંત વડુ ગામે દેસાઈ જયરામભાઈ જેસંગભાઈ પરિવારના નવીન મકાનના વાસ્તુપૂજન અને નવચંડી પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન કરી દર્શનનો લાભ લીધો. માદરે વતન ચારૂપ ગામે યોજાયેલ તેઓના સન્માન સમારંભમાં ઉપસ્થિત રહ્યા ગ્રામજનોએ ઉમળકા ભેર સ્વાગત અને સન્માન કર્યું મંત્રીના બે દિવસીય કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી વિકાસલક્ષી રજૂઆતો કરી

•Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. •Printed At :-CapitalOffset 801/1, G.I.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028